આર.ડી.ડી./અપીલ/આ.નં./૨૯૨
તા. ૦૪/૦૫/૨૦૧૯

**અરજદારઃ** શ્રી તલ્હા ચાંદીવાલા

**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આપની તા.૨૯/૦૩/૨૦૧૯ ની અરજી આઈ.ડી. નં. ૨૯૧૩ હેઠળ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની તા.૨૬/૦૨/૨૦૧૯ ની આઈ.ડી. નં.૨૯૧૩ થી નાગરીક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ માહિતી માંગતી અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસન્ટન્ટ નાગરીક સુવધીધા કેન્દ્રના પત્ર નં. સીસીસી/સી.ઝેડ./ આર.ટી.આઈ. /આ./નં./ ૨૯૧૩, તા.૨૭/૦૨/૨૦૧૯ થી તબદીલ થઈ અત્રેના વિભાગમાં તા.૨૭/૦૨/૨૦૧૯ ના રોજ મળેલ છે. જે આર.ડી.ડી./ઈન./નં.૩૭૨૮ થી નોંધાયેલ છે.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૩૩૩૦, તા.૨૫/૦૩/૨૦૧૯થી આપેલ માહિતી.

(૪) અરજદારશ્રી ધ્વારા જરૂરી નકલો મેળવવા માટે તા.૦૩/૦૪/૨૦૧૯ નાગરિક સુવિધા કેન્દ્રમાં નાણાં ભરપાઈ કરવામાં આવેલ.

(૫) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીના પત્ર આર.ડી.ડી./આ./નં.૭૦ તા.૦૮/૦૪/૨૦૧૯ થી જરૂરી નકલો પુરી પાડવામાં આવેલ.

(૫) અરજદારશ્રી ધ્વારા સેન્ટ્રલ ઝોન સિવીક સેન્ટરમાં તા.૨૯/૦૩/૨૦૧૯ થી કરેલ પ્રથમ અપીલ અરજી.

(૬) જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન સિવીક સેન્ટરના પત્ર નં.સીસીસી/ સી.ઝોન/આ./નં./૪૧૯, તા.૦૧/૦૪/૨૦૧૯ અપીલ અરજી અત્રે તબદીલ કરવામાં આવી. જે અત્રેના વિભાગમાં તા.૦૨/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે.

(૭) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર આર.ડી.ડી./આ./નં.૧૧૩, તા.૧૦/૦૪/૨૦૧૯ થી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

(૮) અરજદારશ્રીની તા.૧૬/૦૪/૨૦૧૯ ની લેખિત અરજીથી રૂબરૂ સુનાવણી માટે અન્ય તારીખ અને સમય ફાળવવા અંગે કરેલ રજુઆત.

(૯) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર આર.ડી.ડી./આ./નં.૧૬૨, તા.૨૦/૦૪/૨૦૧૯ થી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલા ધ્વારા આઈ.ડી.નં.૨૯૧૩, તા.૨૬/૦૨/૨૦૧૯ થી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્રથી રોડ ડેવલપમેન્ટ વિભાગમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૨૭/૦૨/૨૦૧૯ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તેમના સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી જરૂરી નકલો મેળવવા માટે નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં નાણાં ભરપાઈ કરવામાં આવેલ. જે અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રીને જરૂરી નકલો પુરી પાડવામાં આવેલ.

અરજદારશ્રી ધ્વારા જરૂરી માહિતી પુરી ન પાડી પોતાના વિભાગની માહિતી છુપાવી અમોને માત્ર હેરાન કરવાના કારણોસર માહિતી આપેલ નથી. અને અયોગ્ય જવાબ પાઠવેલ છે. આથી નિયમોનુસાર વિના મુલ્યે નકલો પુરી પાડવા તા.૨૯/૦૩/૨૦૧૯ ના રોજ નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ (૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગને અરજી તબદીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને

કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ(૭) હેઠળના પત્રથી તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે આધાર સહ પુરાવા સહિત રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા અરજદારશ્રીને જણાવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૮) હેઠળની લેખિત અરજીથી ઉકત તારીખે અન્ય વિભાગોમાં રૂબરૂ સુનાવણી માટે જવાનું હોય, અન્ય તારીખ અને સમય ફાળવવા રજુઆત કરેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૯) હેઠળના પત્રથી તા.૨૬/૦૪/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. ઉકત દિવસે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ હતા. પરંતુ અરજદારશ્રી હાજર રહેલ ન હતા.તેમજ આ બાબતે કોઈ લેખિત જાણ કરેલ ન હતી.

**-:હુકમ:-**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં અપીલ અરજીનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૯૧૩ થી માહીતી માગતી અરજીના અનુસંધાને કરેલ પ્રથમ તા.૨૯/૦૩/૨૦૧૯ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રી ને રૂબરૂ સુનવણીની માટે ન્યાયના હીતમાં તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૧૬/૦૪/૨૦૧૯ની લેખિત અરજીથી અન્ય વિભાગોમાં રૂબરૂ સુનવણી માટે જવાનું હોવાથી અન્ય તારીખ ફાળવવા જણાવેલ. જે અન્વયે તેઓને વધુ તક આપી તા.૨૬/૦૪/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ તેમ છતા અરજદાર રૂબરૂ સુનવણી માટે હાજર રહેલ નથી તેમજ આ બાબતે કોઈ લેખિત રજુઆત કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી રૂબરૂ સુનવણી માટે હાજર રહીને અરજદારને નિયત સમય મર્યાદામાં માહિતી આપવામાં આવેલ છે. તેમજ માગ્યા મુજબની જરૂરી નકલો પુરી પાડવામાં આવેલ છે. એમ રજુઆત કરવામાં આવેલ. આથી અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું નથી. આમ, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર-૧૮, ગાંધીનગરને દિન-૯૦માં બીજી અપીલ કરી શકશો.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી તલ્હા ચાંદીવાલા,**

RIGHT TO INFORMATION

આર.ડી.ડી./અપીલ/આ.નં./૨૯૧
તા. ૦૪/૦૫/૨૦૧૯

**અરજદાર:** શ્રી જોન્સ વૈદ્ય

**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**<u>ફરીયાદની હકીકત:–</u>**

**વિષય:–** આર.ટી.આઈ. એક્ટ–૨૦૦૫ હેઠળ આપની તા.૩૧/૧૨/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૨૩૪૦ હેઠળ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભ:–** (૧) આપશ્રીની તા.૩૧/૧૨/૨૦૧૮ ની આઈ.ડી. નં.૨૩૪૦ થી નાગરીક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ માહિતી માંગતી અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીક્યુટીવ આસીસન્ટન્ટ નાગરીક સુવધીધા કેન્દ્રના પત્ર નં. સીસીસી/સી.ઝેડ./ આર.ટી.આઈ. /આ./નં./ ૨૩૪૦, તા.૦૨/૦૧/૨૦૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.)ને તબદીલકરવામાં આવેલ

(૩) જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ના પત્ર નં.એકા./આર.ટી.આઈ./૨૩૪, તા.૨૯/૦૩/૨૦૧૯ થી અરજી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ જે અત્રે તા. ૦૧/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે.

(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી આર.ડી.ડી. વિભાગના પત્ર નં. આર.ડી.ડી/આ./નં.૯૦, તા.૦૯/૦૪/૨૦૧૯ થી અરજદારને માહિતી પાઠવવામાં આવેલ.

(૫) અરજદારશ્રી ધ્વારા તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રીને કરેલ પ્રથમ અપીલ અરજી.

(૬) અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રી ધ્વારા તેમના પત્ર નં.૨૦૧૮૦૦૦૧૯, તા.૨૬/૦૩/૨૦૧૯ થી અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ.

(૭) અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીના પત્ર નં.એકા./આર.ટી.આઈ./૦૭, તા.૦૪/૦૪/૨૦૧૯ થી અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગમાં તા.૦૯/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ.

અરજદારશ્રી જોન્સ વૈદ્ય ધ્વારા આઈ.ડી.નં.૨૩૪૦, તા.૩૧/૧૨/૨૦૧૮ થી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) હિસાબી વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) હિસાબી વિભાગ ધ્વારા સંદર્ભ(૩) હેઠળાના પત્રથી રોડ ડેવલપમેન્ટ વિભાગમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ.

અરજદારશ્રીની મૂળ તા.૩૧/૧૨/૨૦૧૮ ની અરજીના અનુસંધાને સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ ન હોય, જે તેમના ધ્વારા પુરી પાડવા માટે અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રીને તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ સંદર્ભ(૫) હેઠળ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રી ધ્વારા સંદર્ભ(૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. અપીલ અધિકારી અને

ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રી ધ્વારા સંદર્ભ(૭) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, આર.ડી.ડી વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગમાં તા.૦૯/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે.

અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાનો રેકોર્ડ મંગાવી ચકાસણી કરતા જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ધ્વારા અરજી મળ્યાના ૯૦ દિવસ બાદ અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા અરજદારને જવાબ પાઠવવામાં આવેલ તેમજ તેમની મૂળ અરજીના અનુસંધાને અરજદાર તરફથી કરવામાં આવેલ અપીલ અરજી બાબતે સંપૂર્ણ માહિતી સંદર્ભ ટેલીફોનીક ચર્ચા થયેલ અને થયેલ ચર્ચા તેમજ પ્રાપ્ત થયેલ અરજી બાબતે અરજદારને સંતુષ્ટ થયેલ હોવાનું તેઓ ધ્વારા જણાવેલ. આમ અપીલ અરજી બાબતે કશું કરવાનું રહેતુ નથી.

**–:<u>હુકમ</u>:–**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં અપીલ અરજીનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૩૪૦, તા.૩૧/૧૨/૨૦૧૮ થી માહીતી માગતી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ધ્વારા ૯૦ દિવસના વિલંબ બાદ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગને તબદીલ કરવામાં આવેલ. અરજી ખરેખર અત્રે મળ્યા તે સાથે જ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા ન્યાયના હિતમાં અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ તેમજ અરજદાર સાથે ટેલીફોનીક ચર્ચા થયા અનુસાર તેમને વિષયોકત માહિતી મળી ગયેલ તેમજ આપેલ માહિતીથી અરજદારને સંતોષ થયેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, આમ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી જોન્સ વૈધ,**

RIGHT TO INFORMATION

આર.ડી.ડી./અપીલ/આ.નં./૨૯૦
તા. ૦૪/૦૫/૨૦૧૯

**અરજદાર:** શ્રી જોન્સ વૈધ

**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકત:–**

**વિષય:–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આપની તા.૩૧/૧૨/૨૦૧૮ ની અરજી આઈ.ડી. નં. ૨૩૪૧હેઠળ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભ:–** (૧) આપશ્રીની તા.૩૧/૧૨/૨૦૧૮ ની આઈ.ડી. નં.૨૩૪૧ થી નાગરીક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલ ઝોન કચેરીમાં કરેલ માહિતી માંગતી અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને એકઝીક્યુટીવ આસીસન્ટન્ટ નાગરીક સુવધીધા કેન્દ્રના પત્ર નં. સીસીસી/સી.ઝેડ./ આર.ટી.આઈ. /આ./નં./ ૨૩૪૧, તા.૦૨/૦૧/૨૦૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.)ને તબદીલકરવામાં આવેલ

(૩) જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ના પત્ર નં.એકા./આર.ટી.આઈ./૨૩૩, તા.૨૯/૦૩/૨૦૧૯ થી અરજી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ જે અત્રે તા. ૦૧/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે.

(૪) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી આર.ડી.ડી. વિભાગના પત્ર નં. આર.ડી.ડી/આ./નં.૯૬, તા.૧૦/૦૪/૨૦૧૯ થી અરજદારને માહિતી પાઠવવામાં આવેલ.

(૫) અરજદારશ્રી ધ્વારા તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રીને કરેલ પ્રથમ અપીલ અરજી.

(૬) અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રી ધ્વારા તેમના પત્ર નં.૨૦૧૮૦૦૦૧૮, તા.૨૬/૦૩/૨૦૧૯ થી અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ.

(૭) અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીના પત્ર નં.એકા./આર.ટી.આઈ./૦૮, તા.૦૪/૦૪/૨૦૧૯ થી અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગમાં તા.૦૯/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ.

અરજદારશ્રી જોન્સ વૈધ ધ્વારા આઈ.ડી.નં.૨૩૪૧, તા.૩૧/૧૨/૨૦૧૮ થી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા સંદર્ભ(૨) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) હિસાબી વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) હિસાબી વિભાગ ધ્વારા સંદર્ભ(૩) હેઠળાના પત્રથી રોડ ડેવલપમેન્ટ વિભાગમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૦૧/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ.

અરજદારશ્રીની મૂળ તા.૩૧/૧૨/૨૦૧૮ની અરજીના અનુસંધાને સમયમર્યાદામાં માહિતી પુરી પાડેલ ન હોય, તેમના ધ્વારા જે પુરી પાડવા માટે અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રીને તા.૨૦/૦૩/૨૦૧૯ ના રોજ સંદર્ભ(૫) હેઠળ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. અપીલ અધિકારી અને મુખ્ય અન્વેષકશ્રી ધ્વારા સંદર્ભ(૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીને અરજી તબદીલ કરવામાં આવેલ. અપીલ અધિકારી અને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રી ધ્વારા સંદર્ભ(૭) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, આર.ડી.ડી વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના વિભાગમાં તા.૦૯/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે.

અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાનો રેકોર્ડ મંગાવી ચકાસણી કરતા જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ધ્વારા અરજી મળ્યાના ૯૦ દિવસ બાદ અરજી  જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાનું જણાય છે. તેમજ સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા અરજદારને જવાબ પાઠવવામાં આવેલ તેમજ તેમની મૂળ અરજીના અનુસંધાને અરજદાર તરફથી કરવામાં આવેલ અપીલ અરજી બાબતે સંપૂર્ણ માહિતી સંદર્ભ ટેલીફોનીક ચર્ચા થયેલ અને થયેલ ચર્ચા તેમજ પ્રાપ્ત થયેલ અરજી બાબતે અરજદારને સંતુષ્ટ થયેલ હોવાનું તેઓ ધ્વારા જણાવેલ. આમ અપીલ અરજી બાબતે કશું કરવાનું રહેતુ નથી.

**<u>—:હુકમ:—</u>**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં અપીલ અરજીનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીની આઈ.ડી.નં.૨૩૪૧, તા.૩૧/૧૨/૨૦૧૮ થી માહીતી માગતી અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સિની. ડે.એકાઉન્ટન્ટ(ટ્રે.) ધ્વારા ૯૦ દિવસના વિલંબ બાદ અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગને તબદીલ કરવામાં આવેલ. અરજી ખરેખર અત્રે મળ્યા તે સાથે જ અરજદારશ્રી ધ્વારા  પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા ન્યાયના હિતમાં અરજદારશ્રીને માહિતી પુરી પાડવામાં આવેલ તેમજ અરજદાર સાથે ટેલીફોનીક ચર્ચા થયા અનુસાર તેમને વિષયોકત માહિતી મળી ગયેલ તેમજ આપેલ માહિતીથી અરજદારને સંતોષ થયેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, આમ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦ માં બીજી અપીલ કરી શકશો.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી જોન્સ વૈધ,**

આર.ડી.ડી./અપીલ/આ.નં./૪૮૩
તા. ૨૮/૦૫/૨૦૧૯

**અરજદારઃ** શ્રી જશવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ,

**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ આપની તા.૦૨/૦૪/૨૦૧૯ ની અરજી આઈ.ડી. નં. ૧૧ હેઠળ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની તા.૦૨/૦૪/૨૦૧૯ ની આઈ.ડી. નં.૧૧ થી સાઉથ ઝોન કચેરીમાં કરેલ માહિતી માંગતી અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(સાઉથ ઝોન)ના પત્ર નં. સા.ઝોન/ટેક./૬૦, તા.૦૫/૦૪/૨૦૧૯ થી અત્રેના વિભાગમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રે તા.૦૮/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ છે. જે આર.ડી.ડી./ઈન./નં.૭૦ થી નોંધાયેલ છે.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પત્ર નં.આર.ડી.ડી./આ./નં.૨૦૩, તા.૨૬/૦૪/૨૦૧૯ થી આપેલ માહિતી.

(૪) અરજદારશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા આપેલ માહિતથી નારાજ થઈ તા.૩૦/૦૪/૨૦૧૯ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને કરેલ પ્રથમ અપીલ અરજી.

(૫) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર આર.ડી.ડી./આ./નં.૨૯૯ તા.૦૬/૦૫/૨૦૧૯ થી તા.૩૦/૦૪/૨૦૧૯ ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

અરજદારશ્રી જશવંતસિંહ બ્રહ્મભટ્ટ ધ્વારા આઈ.ડી.નં.૧૧, તા.૦૨/૦૪/૨૦૧૯ થી સાઉથ ઝોન(ઉધના) કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી સંદર્ભ(૨) હેઠળના પત્રથી રોડ ડેવલપમેન્ટ વિભાગમાં અરજી અત્રે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેની કચેરીએ તા.૦૮/૦૪/૨૦૧૯ ના રોજ મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા તેમના સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને સમયમર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ. અરજદારશ્રી ધ્વારા સંદર્ભ(૪) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા ખોટી માહિતી આપેલ હોય, તેમજ અન્ય માહિતી છુપાવેલ હોવાનું કારણ જણાવી નારાજ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રીને પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૩૦/૦૪/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે આધાર સહ પુરાવા સહિત રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા રાખવામાં આવેલ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ મુદ્દા નં.૧ માં ચો.મી. ની ખોટી માહિતી પુરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૨ ની સંપૂર્ણ માહિતી છુપાવેલ છે અને મુદ્દા નં.૩ ની ખોટી માહિતી પુરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૪ વર્ક ઓર્ડરની નકલ પુરી પાડેલ નથી. અને મુદ્દા નં.૫ ની સંપૂર્ણ માહિતી છુપાવેલ છે. તે અનુસારની રજુઆત કરેલ. અરજદારની ઉકત રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા અત્રેના વિભાગ ધ્વારા આર.સી.સી. રોડની ૩૩૦૦ ચો.મી. ની કામગીરી કરવામાં આવતી હોય, તેમજ મુદ્દા નં.૨ ની માહિતી અત્રેના વિભાગને લાગુ પડતી નથી. મુદ્દા નં.૩ માં આપેલ જવાબ મુજબ સ્થળ પર કામગીરી પ્રગતિ હેઠળ છે. મુદ્દા નં.૪ થી અરજદારશ્રી ધ્વારા ફકત કામગીરીની વિગત જ માંગી હોય, નકલોની માંગણી કરેલ ન હતી. તેમજ સી.સી. રોડ બનાવવા અંગે ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર ઈસ્યુ કરવામાં આવેલ છે. મુદ્દા નં.૫ અન્વયે અરજદારશ્રી ધ્વારા ભુતકાળમાં અમોએ પણ અનેક ફરીયાદો કરેલ છે. જે હકીકત સાચી નથી. તેમજ આ કામગીરી સંબંધે રોડ ડેવલપમેન્ટ ખાતાને કોઈ ફરીયાદો પ્રાપ્ત થયેલ નથી.

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા કરેલ રજુઆત અન્વયે સ્થળ પર સી.સી. રોડની કામગીરી ચાલુ હોય, જેનાથી પોતે વાકેફ નથી. પરંતે અમોએ સૌપ્રથમ હયાત રોડ મંજુર કરીને બનાવેલ તેનું માપ ક્ષેત્રફળ અને થયેલ કામગીરી રોડની બંને બાજુના દબાણો જે બાબતોની માહિતી માંગેલ છે. જે શરૂઆતના તબકકાની માહિતી છે.

જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી ધ્વારા રજુઆત કરવામાં આવેલ કે અત્રે ફકત સી.સી. રોડ અંગેની કામગીરી કરવામાં આવતી હોય, તેમજ અરજદારશ્રી ધ્વારા જણાવેલ રોડની વિગતો સાઉથ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા કરેલ ખુલાસાથી તેઓએ સંતોષ વ્યકત કરેલ હતો. તેમજ સી.સી. રોડ અંગેની કામગીરી ચાલુ હોવા બાબતે પોતે વાકેફ ન હોવાનું જણાવેલ છે. તેમજ મુદ્દા નં.૪ અન્વયે વર્ક ઓર્ડરની નકલ વિના મુલ્યે પુરી પાડવા રજુઆત કરેલ.

**–:હુકમ:–**

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં અપીલ અરજીનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

અરજદારશ્રીની આઈ.ડી.નં.૧૧ થી માહીતી માગતી અરજીના અનુસંધાને કરેલ પ્રથમ તા.૩૦/૦૪/૨૦૧૯ ની અપીલ અરજી અન્વયે અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે ન્યાયના હીતમાં તા.૨૪/૦૫/૨૦૧૯ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા કરેલ રૂબરૂ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા આપેલ માહિતી અન્વયે હાલમાં સ્થળ પર ચાલતી સી.સી. રોડ અંગેની કામગીરીથી પોતે વાકેફ ન હોય, સી.સી. રોડ અંગેની માહિતી માંગવામાં આવેલ નથી. તેમજ તેઓ ધ્વારા આપવામાં આવેલ માહિતીથી સંતોષ વ્યકત કરેલ હોય, તેમજ અરજદાર તરફથી સદરહું લોકેશન ઉપર સૌપ્રથમ રોડ મંજુર કરીને બનાવેલ તેનું માપ ક્ષેત્રફળ અને થયેલ કામગીરી રોડની બંને બાજુના દબાણોની માહિતી માંગણી કરેલ હોય, માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતી હોય, તેઓને માહિતી પુરી પાડવા જણાવવા તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ ધ્વારા મુદ્દા નં.૪ થી માંગેલ વર્ક ઓર્ડરની નકલ દિન–૦૭(સાત)માં અરજદારશ્રીને વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આમ, અપીલ અરજીનો નિકાલ કરવામાં આવેલ છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

**અપીલ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
**શ્રી જશવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ,**

**ન.ર.:–** (૧) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, આર.ડી.ડી. વિભાગ પ્રતિ... અરજદારશ્રીને દિન–૦૭(સાત)માં વિના મુલ્યે નકલો પુરી પાડવા અમલ કરવા સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ ઝોન પ્રતિ... અરજદારશ્રની રજુઆત અન્વયે ઝોન કક્ષાએથી માહિતી પુરી પાડવા સારૂ.